નવી બાબત ૨૦૨૩-૨૪
ડૉ.આંબેડકર ભવન, મોરબીના મકાન બાંધકામ માટે રૂ.૩૮૪.૦૦ લાખની સુધારેલી વહીવટી મંજૂરી બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0076/G Section
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૧/૦૨/૨૦૨૪

**વંચાણમાં લીધા :**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૧/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0073/G Section

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૧૧/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0073/G Section

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૨/૦૮/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/મ-3/૨૦૨૩/૩૭૫૭-૩૭૫૯

**આમુખ :**

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલ સભાનતા અને સમાજમાં શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં થયેલ વધારો તથા પછાત વર્ગોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી રાજ્યના તમામ જિલ્લા મથકે જિલ્લા કક્ષાના ડૉ.આંબેડકર ભવન બાંધવાનું નક્કી થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) વિભાગના તા.૩૧/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0073/G Sectionથી ડૉ.આંબેડકર ભવન મોરબીના મકાનના બાંધકામ માટે રૂ.૩૪૬.૦૦ લાખના અંદાજો મંજૂર રાખીને રૂ.૧૫૧.૦૦ લાખની વહીવટી મંજૂરી આપેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી તા.૦૬/૧૧/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0073/G Section પ્રસિદ્ધ કરાયેલ હતો. વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૨/૦૮/૨૦૨૩ના પત્રથી ડૉ.આંબેડકર ભવન મોરબીના મકાનના બાંધકામ માટે રૂ.૩૮૪.૦૦ લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્તવિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત અન્વયે ડૉ.આંબેડકર ભવન, મોરબી ના બાંધકામ માટે મંજૂર થયેલ કુલ ખર્ચ રૂ.૩૪૬.૦૫ લાખના અંદાજો તેમજ પ્રોટેક્શન વોલના કુલ ખર્ચ રૂ.૩૭.૯૫ લાખ સહિત કુલ રૂ.૩૮૪.૦૦ લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. સદર વહીવટી મંજૂરી વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૩૧/૦૫/૨૦૨૩ના ઠરાવની શરતોને આધીન આપવામાં આવે છે. ઉક્ત કામ માટે નિયામકશ્રી(અજા.ક.) દ્વારા ચાલુ અને આગામી નાણાકીય વર્ષોમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર – ૦૧ SCW-33 ડૉ.આંબેડકર ભવનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાવિભાગની તા.૨૦/૦૧/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: CHIRAGKUMAR RASIKBHAI PATEL
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-Feb-2024 (01:03 PM)

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક) મારફત)
- સેકશન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સાથે
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪